# ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામસેવા કેન્દ્ર
# વલ્લભ વિદ્યાલય, બોચાસણ ૩૮૮૧૪૦
# તા.બોરસદ જિ.આણંદ

## પ્રવૃતિ – દર્પણ

અંક : ૧૦ ડિસેમ્બર ૨૦૧૯

૧. ગંગાબા ગૌશાળામાં "ઝિંઝવો" ઘાસની રોપણી કરી. તા.૦૧/૧૨/૨૦૧૯ રવિવાર.
૨. વિભાગીય વડાઓ સાથે બેઠક તા.૦૪/૧૨/૨૦૧૯ બુધવાર.
૩. ગંગાબા ગૌશાળાની ખેતીમાં એ.પી.બી.એન – ૧ ઘાસની રોપણી કરી. તા.૦૮/૧૨/૨૦૧૯ રવિવાર.
૪. ગ્રામસેવા કેન્દ્રના વિનયમંદિર, અધ્યાપનમંદિર તથા શિ.ગો.પટેલ કન્યા વિદ્યાલયના વહિવટી પ્રશ્નો માટે મા.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, આણંદની મુલાકાત તા.૦૯/૧૨/૨૦૧૯, સોમવાર.
૫. નાપાડ – તળપદના પ્રગતિશીલ ખેડૂત શ્રી ભૂપેન્દ્રભાઇ રાઠોડની મુલાકાત તા.૦૯/૧૨/૨૦૧૯. સોમવાર.
૬. વાલી સંમેલન તા.૧૫/૧૨/૨૦૧૯. રવિવાર.
૭. વિભાગીય વડાઓ સાથે બેઠક તા.૧૭/૧૨/૨૦૧૯. મંગળવાર.
૮. બાલ ક્રિડાંગણના સાધનો જોવા જી.આઇ.ડી.સી વડોદરાની મુલાકાત તા.૧૮/૧૨/૨૦૧૯ બુધવાર.
૯. શ્રી ભૂપતસિંહ પરમારનો શુભેચ્છા સમારંભ તા.૨૧/૧૨/૨૦૧૯ શનિવાર.
૧૦.ગૂજરાત વિદ્યાપીઠના ધ્વજથી ધ્વજવંદન.તા.૨૧/૧૨/૨૦૧૯ શનિવાર.
૧૧. "સૃષ્ટિ" અમદાવાદ દ્વારા યોજિત "વિસરાતી વાનગીઓ" પ્રદર્શન જોવા ગયા. તા.૨૩/૧૨/૨૦૧૯ સોમવાર.
૧૨. સામાજિક સમરસતા યાત્રાની શરૂઆત પૂ.રવિશંકર મહારાજની સમાધિએથી તા.૨૪/૧૨/૨૦૧૯, મંગળવાર.
૧૩ ગંગાબા ગૌશાળામાં દૂધ ઉત્પાદન તથા ઘઉંનું વાવેતર
૧૪. વિનયમંદિર ઉદ્યોગમાં શાકભાજી નું ઉત્પાદન.

### -શ્રી બબલભાઇ મહેતા-

શ્રી બબલભાઇ મહેતા ગૂજરાત વિદ્યાપીઠના થોડા સમયના વિદ્યાર્થી હતા. આઝાદીની લડતના એક સૈનિક હતા. ગાંધીજીની ગામડે જવાની હાકલને પગલે તેમણે શરૂઆતમાં ખેડા જિલ્લાના માસરા ગામે અને પછીથી થામણા-ગામે ધૂણી દાખવીને ગ્રામસેવાનાં અનેક કાર્યો કર્યા હતા. વર્ધા યોજનાનો અમલ શરૂ થયા બાદ થામણા ગામમાં વર્ધા યોજના પ્રમાણે તેમણે શિક્ષણના પ્રયોગો કર્યા હતા.

વલ્લભ વિદ્યાલયને તેમણે સતત માર્ગદર્શન આપ્યું હતું. સંસ્થામાં આવતા ત્યારે વિદ્યાર્થીઓને શિક્ષકોને મળતા, રસોડે જમતા , સફાઇના કામોમાં જોડતા. તેઓ સંસ્થાના મિત્ર અને માર્ગદર્શક બની ગયા હતા.

સંસ્થા પરિચય માળા માંથી.

સંકલન
૧.શ્રી ઉદેસિંહ સોલંકી
૨.શ્રી કિશોરભાઇ રાવલ ૩.શ્રી સુનિલકુમાર જાદવ
૪.શ્રી જિજ્ઞાસાબેન ત્રિવેદી ૫.શ્રી રાવજીભાઇ પરમાર

ટાઇપ અને લે-આઉટ
શ્રી સાજીદભાઇ વહોરા

આ માસિક પત્રિકા ફક્ત શૈક્ષણિક હેતુ અને માર્ગદર્શન માટે છે

1. ગંગાબા ગૌશાળીની ખેતીમાં " ઝિંઝવો " ઘાસની ૨૦ ગુંઠામં કુમાર છાત્રાલયના ધો.૯ ,૧૦,૧૧ ના વિદ્યાર્થીઓએ રોપણી કરી. આ " ઝિંઝવો " ઘાસ મુની આશ્રમ ગોરજ જિ.વડોદરાથી લાવ્યા હતા. રૂ.૭૫૦/- શ્રમમૂલ્ય કુમાર મંદિરના વિદ્યાર્થીઓને ચૂકવ્યું. જે રકમ વિદ્યાર્થી કલ્યાણ ફંડમાં જમા લીધી.



2. કુમારમંદિર (ધોરણ ૬,૭,૮), વિનયમંદિર (ધોરણ ૯,૧૦,૧૧,૧૨) અધ્યાપનમંદિર તથા કુમાર છાત્રાલયના વિભાગીય વડાઓ શ્રી સુનિલકુમાર જાદવ , શ્રી જિજ્ઞાસાબેન ત્રિવેદી , શ્રી રાવજીભાઇ પરમાર તથા શ્રી કિશોરભાઇ રાવલ સાથે સંયોજકશ્રીએ બેઠક કરી. તેમા નીચેના મુદ્દાઓ પર ચર્ચા કરી, નિર્ણય લેવાયા.

   1. વાલીસંમેલન તા.૧૫/૧૨/૨૦૧૯, રવિવાર.
   2. અઠવાડિક પ્રવૃતિ પસંદ કરેલા ૧૦ ગામોમા.
   3. સેવક પ્રવાસ તા.૧૨/૦૧/૨૦૨૦ રવિવાર.
   4. શ્રી ભૂપતસિંહ પરમાર (વિનયમંદિરમાં પટાવાળા)નો શુભેચ્છા સમારંભ તા.૨૧/૧૨/૨૦૧૯ શનિવાર.
   5. ગૂજરાત વિદ્યાપીઠના ધ્વજથી ધ્વજવંદન તા.૨૧/૧૨/૨૦૧૯ શનિવાર.
   6. મા.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સાથે મુલાકાત (બાકીની ગ્રાન્ટ, સીધા પગાર યોજના તથા ફાજલ શિક્ષકના પગાર માટે)
   7. વિદ્યાર્થીઓમાં અનિયમિતતા, અભ્યાસ, એકમ કસોટી વગેરે બાબતોની ચર્ચા.

3. ગંગાબા ગૌશાળાની ખેતીમાં "એ.પી.બી.એન – ૧" ઘાસની ૩૦ ગુંઠામાં કુમાર છાત્રાલયના ધો.૯,૧,૦,૧૧,૧૨ના વિદ્યાર્થીઓએ રોપણી કરી. આ ઘાસ કૃષિ યુનિવર્સિટી , આણંદથી લાવ્યા હતા. રૂ.૭૫૦/- શ્રમમૂલ્ય કુમારમંદિરના વિદ્યાર્થીઓને ચૂકવ્યુ જે રકમ વિદ્યાર્થી કલ્યાણ ફંડમં જમા કરી.

4. ગ્રામસેવા કેન્દ્રના વિભાગો – વિનયમંદિર , અધ્યાપનમંદિર તથા શ્રી શિ.ગો.પટેલ કન્યા વિદ્યાલય , ભાલેલના વહીવટી પ્રશ્નો માટે સંયોજકશ્રી ઉદેસિંહ સોલંકીએ તા.૦૯/૧૨/૨૦૧૯ , સોમવારના રોજ મુલાકાત લીધી. તેમાં નીચેના પ્રશ્નોની રજૂઆત કરી. શ્રી કિશોરભાઇ રાવલ સાથે હતા.

| | |
|---|---|
| 1 | શ્રી શિ.ગો.પટેલ કન્યા વિદ્યાલય, ભાલેલનો ફાજલ શિક્ષકનો પગાર |
| 2 | અધ્યાપનમંદિરની ગ્રાન્ટ |
| 3 | વિનયમંદિરની ગ્રાન્ટ |
| 4 | શિ.ગો.પટેલ કન્યા વિદ્યાલયની ગ્રાન્ટ |

5. નાપાડ – તળપદના પ્રગતિશીલ ખેડૂત શ્રી ભૂપેન્દ્રભાઇ રાઠોડના ખેતરના મુલાકાત લીધી. થાઇલેન્ડથી "પોમેલો" લીંબુ વર્ગનું ફળઝાડ લાવીને તેમણે તેની ખેતી કરી છે. નર્સરી તૈયાર કરી છે. "પોમેલો" વૃક્ષનો રોપ લાવ્યા. તેની વલ્લભ વિદ્યાલય પરિસરમાં રોપણી કરી. સાથે શ્રી કિશોરભાઇ રાવલ હતા.

6. સરદાર સંવત્સરી તા.૧૫/૧૨/૨૦૧૯ને રવિવારે ધો.૧ થી ૫ , ધો.૬ થી ૮ , ધો.૯ થી ૧૨ તથા અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓના વાલીઓનું વાલીસંમેલન રાખવામાં આવ્યું. ગૂજરાત વિદ્યાપીઠ , અમદાવાદથી મા.માનદ્ નિયામકશ્રી (વિસ્તરણ) ડૉ.રાજેન્દ્રભાઇ ખીમાણી હાજર રહ્યા. તેમણે વાલીઓને ઉપયોગી બાબતો પર સંબોધન કર્યું. મોટી સંખ્યામા વાલીઓ – માતાઓ હાજર રહ્યા હતા.



7. કુમારમંદિર તથા વિનયમંદિરના કાર્યકારી આચાર્ય શ્રી સુનિલકુમાર જાદવ , અધ્યાપમંદિરના આચાર્ય શ્રી જિજ્ઞાસાબેન ત્રિવેદી, કુમાર છાત્રાલયના ગૃહપતિ શ્રી રાવજીભાઇ પરમાર તથા શ્રી કિશોરભાઇ રાવલ સાથે સંયોજકશ્રી ઉદિસિંહ સોલંકીએ તા.૧૭/૧૨/૨૦૧૯ને મંગળવારે બેઠક કરી. તેમાં નીચેના મુદ્દાઓ પર ચર્ચા થઇ.
   1. સૃષ્ટિ, અમદાવાદ સંસ્થા દ્વારા આયોજિત "વિસરાતી વાનગીઓ" પ્રદર્શન તા.૨૧/૧૨/૨૦૧૯ થી ૨૫/૧૨/૨૦૧૯ દિવસો દરમિયાન યોજવાનું છે. પ્રદર્શન જોવા તા.૨૩/૧૨/૨૦૧૯, સોમવારે અમદાવાદ જવું. ગૃહપતિ તથા રસોયા સાથે લઇ જવા.
   2. બાલ ક્રીડાંગણના સાધનો જોવા વડોદરા જવું તા.૧૮/૧૨/૨૦૧૯ , બુધવાર.
   3. સેવક પ્રવાસ "સ્ટેચ્યુ ઑફ યુનિટી" નો પ્રવાસ તા.૧૨/01/૨૦૨૦ રવિવારના દિવસે ગોઠવવો બધા સેવકો કુટુંબ સાથે સામેલ થાય તે માટે પરિપત્ર તૈયાર કરી બધાને જાણ કરવી.
   4. શ્રી ભૂપતસિંહ પરમારનો વય નિવૃત્તિ શુભેચ્છા સમારંભ તા.૨૧/૧૨/૨૦૧૯ને શનિવારે રાખવો.
   5. વનભોજન તા.૨૫/૧૨/૨૦૧૯ થી ૩૦/૧૨/૨૦૧૯ વચ્ચે દિવસ નક્કી કરવો.
      (વિનયમંદિર, કુમારમંદિર)
   6. અબ્દુલ ચાચાની શિબિર તા.૦૬/૦૧/૨૦૨૦ સોમવારથી શરૂ કરવી.
   7. વિદ્યાર્થી પ્રવાસ. ઉતરાયણની રજાઓ બાદ ગોઠવવો.
   8. કુમાર છાત્રાલયનું કાર્યાલય વ્યવસ્થિત કરવું.
      - સાઉન્ડ સિસ્ટમ ચાલુ કરવી. – કૉમ્પ્યુટર - ગૃહપતિનાં ટેબલ
   9. સર્વોદય મેળો – ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૦

8. દાનની રકમમાંથી કુમારમંદિરના નાના વિદ્યાર્થીઓ માટે બાલ ક્રિડાંગણ બનાવવું છે. તેના સાધનો જોવા તા.૧૮//૧૨/૨૦૧૯ને બુધવારના રોજ જી.આઇ.ડી.સી વડોદરાની સંયોજકશ્રી એ મુલાકાત લીધી. સાથે શ્રી કિશોરભાઇ રાવલ, શ્રી મહેન્દ્રભાઇ મહિડા તથા શ્રી સાજીદભાઇ વહોરા હતા.



9. શ્રી ભૂપતસિંહ પરમાર (પટાવાળા – વિનયમંદિર) વયમર્યાદાથી નિવૃત થતાં તેમનો શુભેચ્છા સમારંભ સંયોજકશ્રી ઉદેસિંહ સો લંકીના સાનિધ્યમાં યોજાયો શ્રી ભૂપતસિંહ પરમાર કુમારમંદિર ના વિદ્યાર્થી હતા. કૌટુમ્બિક જવાબદારીને લીધે આગળ અભ્યાસ કરી શક્યા નહિ. અને પટાવાળા તરીકે વિનયમંદિરમાં જોડાયા. પટાવાળા તરીકે જોડાયા ત્યારે કાર્યાલયમાં કામ કરવાનું નહોતું. વલ્લભ વિદ્યાલયમાં પટાવાળાની નિમણૂંક કરવામાં આવતી નહોતી. ગૂજરાત વિદ્યાપીઠ મંડળે ખેતીના વિકાસ માટે ખેતીમાં કામ કરવાની શરતે તેમની નિમણૂક પટાવાળા તરીકે કરી હતી. ખેતીમાં કામ કરીને ખેતી સુધારવામાં તેમણે ખૂબજ મદદ કરી હતી.

10. ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે દર મહિને એક વખત ગૂજરાત વિદ્યાપીઠના ધ્વજથી ધ્વજવંદન કરવામાં આવે છે.
તા.૨૧/૧૨/૨૦૧૯ને શનિવારે , સવારે ૮-૦૦ વાગે ધ્વજવંદન રાખવામાં આવ્યું. તેમા કુમારમંદિર , વિનયમંદિર તથા અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ તથા બધાજ સેવકો હાજર રહયા. ધ્વજવંદન વિધિ અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ કરાવે છે.



11. “સૃષ્ટિ” સંસ્થા દરવર્ષે સજીવ ખેતી થી ઉત્પાદન કરેલ વસ્તુઓમાંથી “વિસરાતી વાનગીઓ” બનાવીને તેનું નિદર્શન ગોઠવે છે. આ પ્રદર્શન – નિદર્શન પાંચ દિવસ ચાલે છે. તા.૨૩/૧૨/૨૦૧૯ને સોમવારના રોજ નીચેના સેવકોએ પ્રદર્શન – નિદર્શનની તા.૨૩/૧૨/૨૦૧૯ને સોમવારના રોજ મુલાકાત લીધી.

| ક્રમ | નામ |
|---|---|
| ૧ | શ્રી ઉદેસિંહ સોલંકી |
| ૨ | શ્રી કિશોરભાઇ રાવલ |
| ૩ | શ્રી મહેન્દ્રસિંહ મહિડા |
| ૪ | શ્રી કૈલાશબેન ગોહિલ |
| ૫ | શ્રી અજીતભાઇ પરમાર |



આખો દિવસ રોકાઇને “વિસરાતી વાનગીઓ” પ્રદર્શન તથા નિદર્શન નિહાળ્યું સજીવ ખેતીથી ઉત્પાદિત ખેતી પેદાશોનું નિરીક્ષણ કર્યું. સંમેલનમાં સંયોજકશ્રી ઉદેસિંહ સોલંકીએ સંસ્થાની સજીવખેતી તથા ગૌશાળાની વાત કરી.

12. આણંદ જિલ્લાની સામાજિક સમરસતા પૂ.રવિશંકર મહારાજની સમાધિનાં દર્શન કર્યા બાદ શરૂ થઇ. તેમાં નીચેના મહાનુભાવો હાજર હતા.



1. શ્રી રમણભાઇ મકવાણા (પ્રાંત પ્રમુખશ્રી)
2. શ્રી કમલેશભાઇ સુતરિયા (સમરસ યાત્રા – પ્રમુખશ્રી)
3. શ્રી હિતેશભાઇ ઠાકર (બોરસદ તાલુકા સંયોજકશ્રી)

13. ગંગાબા ગૌશાળામાં ડિસેમ્બર માસમાં ૨૧૧૮ લિટર દૂધ ઉત્પાદન થયું.
ગંગાબા ગૌશાળામાં ૫ એકર ઘઉં "ગુજરાત ઘઉં ૪૯૬" ની વાવણી કરી છે.

14. વિનયમંદિર ઉદ્યોગમાં નીચેના શાકભાજીનાં ઉગાડ્યા છે.

| | | | |
|---|---|---|---|
| 1 | મૂળા | 7 | ગુવાર |
| 2 | મેથી | 8 | ડુંગળી |
| 3 | ધાણા | 9 | કોબીજ |
| 4 | લસણ | 10 | ફ્લાવર |
| 5 | બીટ | 11 | ટામેટી |
| 6 | શક્કરિયા | 12 | લીંબુ |

- ડિસેમ્બર માસમાં શાકભાજીનું ઉત્પાદન ૮૯૨ કિલોગ્રામ થયું. વિનયમંદિર ઉદ્યોગમાં ૧ એકર રાયડાનું તથા ૮ એકર ઘઉં "ગુજરાત ઘઉં ૪૯૬" નું વાવેતર કર્યું છે.